ગુજરાતી ભોતવો મે રસ્વનીદી
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતોની જીવનપ્રસાદી

સંતોની જીવન પ્રસાદી

મુકુલભાઈ કલાર્થી



ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या ८३.१ / ६

पंजिका संख्या ३२,३८२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૯૫

સંતોની જીવનપ્રસાદી

મુકુલભાઈ કલાર્થી
સ્ટોક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

कबीरा संगत साधकी, साहिब आवे याद ।
लेखेमें सोई घडी, बाकी के दिन बाद ।।

CHECKED 1973
Initial

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦



છ આના

ફેબ્રુઆરી, ૧૯૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

'લોકજીવન' પાક્ષિકમાં હપતે હપતે લખેલા ૫૦ લેખોનો આ સંગ્રહ 'સંતોની જીવનપ્રસાદી' એ નામે પ્રસિદ્ધ કરવામાં આવે છે. નવશિખાઉ પ્રૌઢો તથા બાળકોને માટે જીવન ઘડવામાં પૌષ્ટિક એવું સાહિત્ય તૈયાર કરવામાં શ્રી મુકુલભાઈએ અત્યાર સુધીમાં ઠીક ઠીક રસ અને રુચિ તથા કુશળતા બતાવી છે, અને તેના ફળ રૂપે કેટલીક પુસ્તિકાઓ અત્યાર સુધીમાં બહાર પડી છે. આ નવી પુસ્તિકા તેની અંદર અનુરૂપ ઉમેરો કરે છે, તે વાચકવર્ગને ગમશે એમ માનું છું.

જગતમાં દૈવી અને આસુરી, સારું અને નઠારું એવા બે બહોળા ભાગ પડતા જોવા મળે છે. ગીતાકારે તો તેને "द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्" કહ્યા છે. તેમાંથી દૈવી કે સારું હોય તેનું શરણ લો, એ જીવનનો આદેશ છે. તેમ કરવાને માટે સંતસમાગમ એ આમ પ્રજાજનને માટેનો ધોરી રસ્તો છે. આ વ્યાપક જીવનસૂત્રને અનુસરીને શ્રી મુકુલભાઈએ અનેક સંતોના જીવનમાંથી પ્રસાદીરૂપ ૫૦ પ્રસંગો આપણને સરળ અને રસાળ ભાષામાં આપ્યા છે; અને સ્વામી આનંદે તેનો આમુખ લખી આપ્યો, તેને માટે તેમનો આભાર માનું છું. આશા છે કે આ પુસ્તક સામાન્ય વાચક વર્ગનો આવકાર પામશે.

૨૬-૧-'૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'लेखे में सोई घडी'

સંતોના ભાટ તરીકે ભાઈ મુકુલ કલાર્થીનું નામ હવે તો આપણે ત્યાં સારી પેઠે જાણીતું થઈ ચૂકયું છે. આપણી ભાષામાં 'ભાટ', 'હમાલ', વગેરે શબ્દોના રૂઢ અર્થ અળખામણા થઈ પડયા છે. પણ સ્વ૦ મહાદેવભાઈ ઘણીવાર પોતાને ગાંધીજીના હમાલ તરીકે ઓળખાવવામાં ગૌરવ માનતા. તેમ સંતોના બંદીજન બનીને તેમનાં ગુણકીર્તનમાં રાતદિવસ ડૂબાડૂબ રહેતા મુકુલભાઈને 'सततं कीर्तयन्तो माम्'વાળા ગીતા-વચનને અનુસરીને ત્રણે લોકમાં અહોનિશ વિચરનારા નારદાદિ ભક્તોની દુનિયાના વતની ગણવાનું આપણને મન થાય એમ છે.

વર્ષોથી એમનો આ વ્યવસાય હવે ગુજરાતી પ્રજામાં જાણીતો થયો છે અને ઓછીવત્તી કદર પણ પામ્યો છે. પ્રાકૃત જનતાને પણ સમજાય એવી સાદી સચોટ સોંસરી ઊતરી જાય તેવી ખુશનુમા શૈલીમાં હિંદના અને દેશદેશના પ્રાચીન અર્વાચીન સંતો મહાનુભાવો પીરપેગમ્બર ઔલિયાઓના જીવન પ્રસંગોની ટચૂકડી કથાઓ પ્રજાને પીરસતાં તેઓ થાકતા નથી.

તુકોબાએ કહ્યું :

फोडिलें भांडार, धन्याचा हा माल,
मी तव हमाल, भारवाही.

સંતોની દુનિયાને દેશપરદેશ કે સીમસીમાડાની કેદ નથી. ભગવાનના કે ભગવાનના ભક્તોના ગુણ ગાતાં સ્થળકાળ જુએ કે થાકે કંટાળે એ ભક્ત શેનો ? એ વ્યવસાયમાં વીતે તેટલો વખત જ લેખે બીજો બધો કાલક્ષેપ અલેખે, એ એક જ હિસાબ સાચો છે. બીજી બધી આળપંપાળ છે.

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
એક સત્સંગીને મોઢે સાંભળેલી વાત છે. એક ગામે કોઈ નવું ખેડૂત કુટુંબ વસવાટને ઇરાદે હળઓજર ઘરવખરી લઈને આવ્યું. ગામભાગોળે તળાવની પાળે હારબંધ પાળિયા. દરેક ઉપર મરનારનું નામ અને આયુષની અવધ નોંધેલી. છ બાર માસ, વરસ બે વરસ; ત્રણચાર વરસથી વધુ કોઈ નહિ! ગામલોક બધા આટલા અલ્પાયુષી? કુટુંબે વસવાટનો નિર્ણય તત્કાળ ફેરવ્યો ને ગાડાં જોડી પાછા જવા નીકળ્યા. ગામના ઘરડેરાઓએ આ જોયું ને પાછા વાળવા માણસ દોડાવ્યો. કુટુંબના મુખીને પાછો વાળી લાવ્યો :

"કાં? કેમ પાછા વળ્યા? અમારો કંઈ વાંકગુનો?"

"મા'જન, પાળિયા જોયા પછે મન નો માન્યું. જે ગામમાં કોઈ પાંચ વરસેય નો જીવે, ત્યાં છોરુવાછરુ સોતાં રે'ણાક કેમ કરીને કરવી?"

"ભેરુ, તમે નો સમજ્યા. અમારું ગામ છે સત્સંગી. નારાયણને સંભારીએ એટલું જ જીવ્યું લેખે, બાકીનું અમે અલેખે ગણીએ. એટલે સૌ રોજેરોજના નામકીર્તનની જ ઘડી નોંધે, ને મરે ત્યારે એટલું જ જીવ્યો એમ લખાય. ઈ નોંધ પાળિયા ઉપર છે. આ હંયે બેસતું હોય તો તમ તમારે નિરાંતજીવે ગાડાં પાછાં વાળો ને આવો."

પેલાં પાછાં આવ્યાં ને જાતમહેનતે જીવી સત્સંગે ભવ તર્યાં.

कबीरा संगत साध की, साहिब आवे याद;
लेखे में सोई घडी, बाकी के दिन बाद.

एक घडी आधी घडी, आधी ते पुनि आध;
तुलसी संगत साध की, कटै कोटि अपराध.

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
શ્રી મુકુલભાઈ નો આ કટલામો સંગ્રહ છે એ મેં પૂછ્યું નથી. મારે એ મૂલવવો નથી. આવો માલ મૂલવવાનો હોય નહીં. તેના ઐતિહાસિક આધાર કે સંદર્ભ ન શોધાય. એનાં તો કીર્તન જ કરાય. કારણકે જ્ઞાનીધ્યાની બુધઅબુધ સંસારસભરતને સારુ જીવનને ઉન્નત કરનારી ને ઉજાળનારી સામગ્રી આ ટચૂકડી વાર્તાઓ અને પ્રસંગોમાં પડેલી છે. એના ચરિત્રનાયકો માનવીજીવનના કીમિયાગર અને સંસારના સાચા રાહબર છે. 'યદા યદા હિ ધર્મસ્ય'નો કોલ આપનાર ભગવાનના એ ભેરુબંધ ને એની કરુણાના ફેરિયા-વહીતરા (retail-dealers) છે. દેશેદેશમાં ને દરેક કાળમાં સંસાર પ્રત્યેની કરુણાથી ગળીપીગળીને પતિતપાવની ગંગાની જેમ એઓ સંસારના મેલ ધુએ છે :

રામનામ કી લૂટ હૈ, લૂટ સકૈ તો લૂટ;
બહુરિ ન અવસર આવહિ પ્રાણ જાયગો છૂટ.

વાંચનાર મને ભાટનો ભાઈ ગણશે તો તેમાં મારી ઇજ્જત જ કરશે. સંતોની પદરેણુ પામવા કરતાં વધુ મોટા ભાગ્યની અભિલાષા મેંય જિંદગીમાં સેવી નથી :

બાર બાર સંતન નમું, સંત સકલસુખધામ;
તિન કે પગ કી પગતરી, ઔર મેરે તન કો ચામ.

* * *

આ કથાઓનાં વાચન-પારાયણોથી આપણા સૌના મનના મેલ ધોવાઓ અને આપણી સંતભક્તિ દૃઢ થઈ એના ગુણોનો પરિમલ સર્વત્ર પ્રસરો.

કોસબાડ હિલ, ઘોલવડ,
જિ. થાણા. ૭-૧-'૫૮

સ્વામી આનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન		૩
'लेखे में सोई घडी'	સ્વામી આનંદ	૫
સંતોની જીવનપ્રસાદી		૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતોની જીવનપ્રસાદી

૧

એક વાર હજરત અલી સાહેબ મસ્જિદમાં નમાજ પઢતા હતા. એવામાં એક માણસ ત્યાં આવ્યો અને મ્યાનમાંથી તલવાર કાઢીને હજરત અલી સાહેબને તે વડે ઘા કરી નાસવા લાગ્યો.

આસપાસ કેટલાક માણસો ઊભા હતા. તેઓએ એ માણસને નાસતો જોયો; એટલે તેઓ એને પકડવા એની પાછળ દોડ્યા.

તે લોકોએ પેલા ખૂનીને થોડા વખતમાં પકડી પાડ્યો અને તેને લઈને તેઓ હજરત અલી સાહેબ પાસે આવ્યા.

તે વખતે એક સેવક હજરત અલી સાહેબ માટે શરબતનો પ્યાલો લઈને ત્યાં આવ્યો.

હજરત અલી સાહેબે હાથથી ઇશારો કરીને ધીમે અવાજે કહ્યું: "ભાઈ, એ શરબતનો પ્યાલો મને તલવારનો ઘા કરનાર આ માણસને પહેલો આપો. ખૂબ દોડવાથી એ બાપડો થાકી ગયો છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

વિશિષ્ટાદ્વૈતના પ્રવર્તક વૈષ્ણવ આચાર્ય રામાનુજ ઘડપણને લઈને ખૂબ અશક્ત થઈ ગયા હતા. તેથી કોઈના ખભાનો ટેકો લઈને તેઓ નદીએ સ્નાન કરવા જતા.

નદીએ જતી વેળાએ હંમેશાં રામાનુજ પોતાના એક બ્રાહ્મણ શિષ્યના ખભા ઉપર હાથ મૂકીને જતા અને સ્નાન કર્યા પછી શૂદ્ર જાતિના પોતાના એક શિષ્યના ખભાનો આધાર લઈને તેઓ આશ્રમે પાછા આવતા.

આચાર્યજીની આવી વિચિત્ર રીત જોઈને જૂના વિચારના સનાતની લોકો અકળાઈ જતા. એક દિવસે તેઓ ભેગા થઈને રામાનુજાચાર્ય પાસે ગયા અને કહેવા લાગ્યા: "આચાર્યજી, આપે જોઈએ તો સ્નાન કર્યા પહેલાં શૂદ્રનો સ્પર્શ કરવો; પરંતુ સ્નાન કરીને શુદ્ધ થયા પછી શૂદ્રના ખભા ઉપર હાથ ન મૂકવો."

એ લોકોની આ વાત સાંભળીને આચાર્યજી હસતા હસતા બોલ્યા: "અરે ભાઈઓ, જેને તમે શૂદ્ર સમજો છો તેના ખભા ઉપર હું સ્નાન કર્યા પછી હાથ મૂકું છું, તે મારા ઉચ્ચ કુલીન જાતિના અભિમાનનો મેલ ધોઈ નાખવા માટે. એ મેલ હું પાણી વડે ધોઈ શકું તેમ નથી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

એક વાર મુસ્લિમ સંત અબુ મુત્તાઝને એક માણસે પૂછ્યું : "અમુક માણસ પાણી ઉપર પણ ચાલી શકે છે અને આકાશમાં પણ ઊડી શકે છે! આ કંઈ જેવો તેવો ચમત્કાર ન ગણાય."

મહાત્મા અબુ મુત્તાઝ શાંત સ્વરે બોલ્યા : "મને આવા ચમત્કારમાં બહુ મહત્ત્વ દેખાતું નથી. જે માણસ પોતાની ઇંદ્રિયોને કાબૂમાં રાખી શકે છે, તે માણસ પાણી ઉપર ચાલનારા કે આકાશમાં ઊડનારા મનુષ્ય કરતાં પણ ઉત્તમ છે."

૪

એક દિવસે શ્રીરામકૃષ્ણ પરમહંસ પાસે એક માણસે આવીને કહ્યું : "ભગવાનના નામના જપથી તો મારા મનને કશી શાંતિ નથી મળતી!"

શ્રીરામકૃષ્ણ પરમહંસ બોલ્યા : "બેટા, ભગવાન આગળ રડીને પ્રાર્થના કર કે, એના નામના જપથી તને આનંદ મળે. તારી પ્રાર્થના તે જરૂર સાંભળશે. 'હે માતાપિતા', 'હે કૃષ્ણ', 'હે રામ', 'હે ગોપાલ', 'હે ગોવિંદ', 'હે શંભો', 'હે મહાદેવ' એ બધાં નામોમાંથી કોઈ પણ એક નામ પસંદ કરી લે. દરરોજ એ નામનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારંવાર સ્મરણ કરજે. તારું મન એમાં લાગી જશે. માંદગીમાં ખોરાકની રુચિ નથી થતી; પણ બીમાર માણસ જેમ જેમ સાજો થતો જાય છે તેમ તેમ ખાવાપીવાની તેની ઇચ્છા વધતી જાય છે.''

૫

અબુ હાફેઝ નામના એક સાધુપુરુષે મહાત્મા શાહશુજાને પત્ર લખ્યો : ''ભાઈ, મારી ઇંદ્રિયોની વિષય-વાસના તથા મારાં અપરાધભર્યાં કૃત્યોનો વિચાર કરતાં હું ખૂબ નિરાશ થઈ જાઉં છું!''

એ પત્ર વાંચીને મહાત્મા શાહશુજાએ અબુ હાફેઝને લખ્યું : ''ભાઈ, ઇંદ્રિયો વગેરેનો વિચાર કરીએ, તો તો આપણે ખરેખર હતાશ જ થઈ જઈએ. ફક્ત ઈશ્વરની મોટાઈ જ એક એવી વસ્તુ છે કે જેનો વિચાર કરવાથી આપણી આશા ઉજ્જવળ બને છે. ઈશ્વર પ્રત્યેની આશા ઉજ્જવળ થતાં તેનાથી ડરીને ચાલવાની વૃત્તિ પણ ઉજ્જવળ થાય છે. હું જ્યારે ઇંદ્રિયોનો નિગ્રહ કરવામાં નાસીપાસ થઈ જાઉં છું, ત્યારે ઈશ્વરનું સ્મરણ કરું છું. અને જ્યારે હું ઈશ્વરનું સ્મરણ કરું છું, ત્યારે ઈશ્વર પણ મારી સંભાળ લે જ છે.''

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

શ્રીમદ્ રાજચંદ્ર પાસે એક માણસે આવીને પૂછ્યું : "આપ સંન્યાસીના જેવી વીતરાગ દશા ભોગવતાં છતાં ઘર તેમ જ વેપારવ્યવહાર વગેરે બધું શી રીતે ચલાવી શકો છો? આવી સંસારી બાબતોમાં આપનું ચિત્ત શી રીતે પરોવાય છે?"

શ્રીમદ્ રાજચંદ્ર બોલ્યા : "એમાં તે વળી શું છે? એ તો સહજ છે. જાજરૂમાં ઝાડે જવાની પેઠે તેટલા પૂરતું સમજવું. જાજરૂમાં ઝાડે જતાં તેમાં પ્રેમ — સ્નેહ રાખી કોઈ બેસી નથી રહેતું, બેસી રહેવા નથી ઇચ્છતું, એ પ્રમાણે. એટલે કશી જંજાળ વળગે નહીં."

૭

એક વાર મહાત્મા હાતમ હાસમ બગદાદ ગયા હતા. ત્યાંના વૈભવશાળી ખલીફાને આ વાતની જાણ થતાં તેણે એ મહાન તપસ્વીને પોતાના દરબારમાં તેડાવ્યા.

ખલીફા પાસે આવતાં મહાત્મા હાતમ હાસમ બોલ્યા : "હે ત્યાગી પુરુષ! આપને મારી સલામ."

આ સાંભળીને ખલીફાએ અચંબો પામીને પૂછ્યું : "અરે મહાત્મા, આપ આ શું બોલ્યા? હું તો આખા રાજ્ય ઉપર મારું શાસન ચલાવું છું; સંસારની માયામાં લપેટાયેલો છું. હું કયાં ત્યાગી છું? ત્યાગી તો આપ છો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાત્મા હાતમ બોલ્યા : "ના, ના. તમે જ મોટા ત્યાગી છો !"

બલીફાએ પૂછ્યું : "બાબા, એવું તે શી રીતે બને?"

મહાત્મા હાતમ હાસમ કહે : "ખુદાએ તો કહ્યું છે કે આ બધી દુન્યવી દોલત કશી કિંમતની નથી; અને સ્વર્ગની વસ્તુ જ સાચી મૂલ્યવાન છે. પરંતુ તમે સ્વર્ગની એ સંપત્તિને જતી કરીને આ તુચ્છ સંસાર–સંપત્તિને પોતાની માની લીધી છે. માટે તમે ખરેખરા ત્યાગી પુરુષ છો. જ્યારે હું આ અસાર સંસારની તુચ્છ લાલસાઓને તજી દઈને મહામૂલ્યવાન એવી સ્વર્ગની સંપત્તિ મેળવવા ફાંફાં મારી રહ્યો છું! માટે કીમતી વસ્તુનો ત્યાગ કરનાર તમારા જેવા ત્યાગી પુરુષ આગળ મારા આવા તુચ્છ ત્યાગની મારાથી શી રીતે બડાઈ હાંકી શકાય?"

૮

મહારાષ્ટ્રના સંત તુકારામની કીર્તિ ચારે બાજુ ફેલાવા લાગી હતી. છત્રપતિ શિવાજી મહારાજને એની જાણ થઈ. તેઓ સંતો પ્રત્યે ખૂબ આદરભાવ રાખતા હતા. એટલે તેમણે તુકારામ મહારાજને પોતાની પાસે આવવા નિમંત્રણ મોકલ્યું. તેમણે તુકારામને સારુ ઘોડા, પાલખી, નજરાણાં વગેરે પણ પોતાના અધિકારીઓની સાથે મોકલાવ્યાં.

આ બધું જોઈને તુકારામે શિવાજી મહારાજને સંદેશો મોકલ્યો : "શિવબા, મારે તમારી પાસે આવીને શું કરવું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મને તો અહીં રહી વિઠ્ઠલનું નામ લેવું ગમે છે. વળી મારે મન સોનું અને માટી બંને સરખાં છે. હું તો એક રાજા અને એક ફકીરમાં ભગવાનનો જ વાસ જોઉં છું. મારે હવે જીવનમાં કંઈ આશા કે મોહ બાકી રહ્યાં નથી. તમે રાજા છો. સત્યથી અને નીતિથી રાજ્ય કરજો, પ્રજાનું યોગ્ય રીતે પાલન કરજો; ધર્મ ઉપર શ્રદ્ધા રાખજો; અનાથનું રક્ષણ કરજો અને ભગવાનની ભક્તિ કરજો. તમે આટલું કરશો તો તે મારે મન નજરાણું મળ્યા બરોબર જ છે."

આટલા સંદેશા સાથે સંત તુકારામે ઘોડા, પાલખી, નજરાણું વગેરે છત્રપતિ શિવાજી મહારાજને પાછાં મોકલાવી દીધાં.

૯

એક વાર એક માણસે આવીને મહાન તપસ્વી અબુ ઉસ્માન હયરીને કહ્યું : "હે મહાત્મા ! મારી જીભ ઈશ્વરનું નામ જપે છે, પણ તેથી મન કંઈ ઈશ્વરમાં પરોવાતું નથી ! એ તો કયાંનું કયાં ભટકવા મંડે છે !"

મહાત્મા અબુ ઉસ્માન હયરી બોલ્યા : "ભાઈ, એક ઇંદ્રિય કાબૂમાં આવી છે, એટલાથીયે રાજી થવા જેવું છે. એક અંગે સારો રસ્તો લીધો છે, તો વખત આવ્યે મન પણ તે રસ્તે ચડશે જ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

ચીન દેશના એક મહાપુરુષ મેન્શિયસને કુંગ તુ નામના એક શિષ્યે પૂછ્યું : "ગુરુજી, માણસો તો બધા જ છે. પરંતુ કેટલાક મહાન છે અને કેટલાક શૂદ્ર છે, એનું કારણ શું? બધા જ કેમ મહાન થતા નથી?"

ફિલસૂફ મેન્શિયસ બોલ્યા : "બેટા, જેઓ પોતાનામાં રહેલા મહાન અંશને અનુસરે છે તેઓ મહાન છે અને જેઓ પોતાનામાં રહેલા શૂદ્ર અંશને અનુસરે છે તેઓ શૂદ્ર છે."

૧૧

મહાત્મા ઇમામ શફી મલ્લુબી મોટા તપસ્વી હતા; પરંતુ ખૂબ જ નમ્ર સ્વભાવના હતા. એક વાર એક ભાઈ એ આવીને મહાત્માને કહ્યું : "બાબાજાન, મને એક પૈસાદાર માણસે અમુક રકમ મોકલી છે. એમાંથી આપને આપવા માટેનો હિસ્સો લઈને હું આવ્યો છું. આપ એ લેવાની મહેરબાની કરો."

મહાત્મા ઇમામ શફી બોલ્યા : "ભાઈ, મોકલનાર માણસે એ દોલત કોને કોને વહેંચી આપવી, એ અંગે કશી સૂચના કરી છે ખરી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા ભાઈ બોલ્યા : "હા જી. તેમણે મને પત્રમાં જણાવ્યું છે કે, 'પવિત્ર સાધુપુરુષોને આ રકમ વહેંચી આપજો.'"

મહાત્મા ઇમામ શફી શાંતિથી બોલ્યા : "ભાઈ, હું એ રકમ લેવાને લાયક નથી. કારણ કે હું એવો પવિત્ર સાધુપુરુષ જરાયે નથી!"

૧૨

એક વાર કબીર સાહેબ ગંગા નદીને તીરે પાણી પીવાનો લોટો માંજી રહ્યા હતા.

એવામાં કેટલાક તરસ્યા જાત્રાળુ બ્રાહ્મણો પાણી પીવા ત્યાં આવ્યા.

તેઓને બોબે બોબે પાણી પીતા જોઈને કબીર સાહેબ તેઓને પોતાનો ચોખ્ખો લોટો આપવા લાગ્યા.

બ્રાહ્મણો તેમનું આવું વર્તન જોઈ ગુસ્સાથી બરાડી ઊઠ્યા : "અરે, અરે, તને કશું ભાનબાન છે કે? આજે સવારે જ ગંગાતટે શ્રાદ્ધક્રિયા કરીને અને ગંગાજીમાં સ્નાન કરીને પવિત્ર થયેલા અમને તારો અપવિત્ર લોટો આપીને તું અભડાવવા માગે છે કે શું?"

કબીર સાહેબ એ સાંભળીને બોલ્યા : "ભાઈઓ, પવિત્ર ગંગાજીનાં પાણીથી મારો લોટો પવિત્ર થઈ શકતો નથી, તો પછી એવી ગંગાજીમાં સ્નાન કરવાથી તમારાં પાપ શી રીતે ધોવાઈ જશે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

નાનક સાહેબ એક વાર હરદ્વાર ગયા હતા. ત્યાં કેટલાક લોકો ગંગા નદીના પાણીમાં ઉગમણી દિશા તરફ મોં રાખીને ઊભા રહી ગત બાપદાદાઓને પાણીની અંજલિ આપતા હતા.

નાનક સાહેબ આ જોઈને આથમણી દિશા તરફ મોં રાખીને ખોબે ખોબે પાણી નાખવા લાગ્યા.

એટલે ત્યાં નજીકમાં ઊભેલા પંડાએ પૂછ્યું: "અલ્યા મૂરખ, આ શું કરી રહ્યો છે?"

નાનક સાહેબ કહે: "મહારાજ, મારા ગામમાં આવેલા ખેતરને પાણી પાઈ રહ્યો છું."

આ સાંભળીને પેલો પંડો ખડખડાટ હસીને બોલ્યો: "વાહ! તારા જેવો બેવકૂફ મળવો મુશ્કેલ છે! અલ્યા, ગામમાં આવેલા ખેતરને આમ પાણી મળે ખરું?"

નાનક સાહેબ બોલ્યા: "મહારાજ, તમે આ બધા જત્રાળુઓના મરી ગયેલા બાપદાદાઓને સ્વર્ગમાં પાણી પહોંચાડી શકો છો, તો પછી મારું ખેતર તો અહીં નજીકમાં જ છે; તેને શા માટે પાણી ન પહોંચે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

ચીન દેશમાં થઈ ગયેલા મહાત્મા કૉન્ફ્યૂશિયસ વેઈ નામના પ્રદેશમાં એક માસ રહ્યા હતા. એક દિવસે ત્યાંનો રાજા પોતાની સ્વરૂપવાન રાણીની સાથે એક ઘોડાગાડીમાં બેઠો અને બીજી ઘોડાગાડીમાં કૉન્ફ્યૂશિયસ બેઠા. પછી તેઓ બધાં નગરીની શેરીઓમાંથી પસાર થવા લાગ્યાં.

રાજાની સવારી પસાર થતી હોવાથી ઘણા લોકો શેરીએ શેરીએ ટોળે વળીને જોવા ઊભા હતા.

વયોવૃદ્ધ કૉન્ફ્યૂશિયસ માનવ-મેદનીને બરોબર નિહાળતા હતા. માણસોના હાવભાવ જોઈને કૉન્ફ્યૂશિયસ ગંભીરતાથી બોલ્યા :—

"લોકો સુંદર સ્ત્રીઓને જોવાને જેટલા તત્પર હોય છે તેટલા ચારિત્રશીલ વિદ્વાનને જોવા આતુર હોય છે, એવું મેં કદી જોયું નથી!"

૧૫

એક વાર હજરત મહંમદ પેગંબર સાહેબ એક બૂરા માણસ સાથે વાતચીત કરતા હતા. એ વાતની ખબર પડતાં એમનાં બીબીએ એમને જરા ઠપકો આપ્યો.

એ સાંભળીને હજરત મહંમદ પેગંબર સાહેબ બોલ્યા : "હું તો તે માણસને જ બૂરો સમજું છું, જે બીજાને પોતાના દિલમાં બૂરો માને છે અને તેનાથી દૂર રહે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

મહાત્મા ગાંધીજીને એક અંગ્રેજ બાઈએ પૂછ્યું : "મહાત્માજી, હું આ જગતમાં સત્ય ક્યાં શોધી શકું ?"

ગાંધીજી બોલ્યા : "ક્યાંય નહીં."

પેલી અંગ્રેજ બાઈ તો આ સાંભળીને મૂંઝવણમાં પડી ગઈ. પછી તેણે પોતાની નોટબુકમાં ગાંધીજી પાસે હસ્તાક્ષર માગ્યા.

ગાંધીજીએ એ નોટબુકમાં લખ્યું :—

"માણસ સત્યને પોતાના હૃદયમાં શોધી શકે છે."

૧૭

સંત ઇબ્રાહીમને એક માણસે આવીને કહ્યું : "બાબા, હું ખુદાને વારંવાર પોકારીને બોલાવું છું; પણ ખુદા મારી અરજ સાંભળતો જ નથી !"

સંત ઇબ્રાહીમ બોલ્યા : "ભાઈ, તમે ખુદાને જાણો છો, પણ તેની સાચા દિલથી બંદગી કરતા નથી. ખુદા સૌના પાલક છે એમ તમે માનો છો, પણ તેના વચનને અનુસરતા નથી. તમે ખુદાનું આપેલું ખાઓ છો, પણ તમે તેનો અહેશાન માનતા નથી. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે શત્રુઓને તમે ઓળખો છો, તોયે તમે તેમની મિત્રતા કરો છો. તમે તમારાં સગાંસંબંધીઓને કબરમાં દફનાવો છો, છતાં તમારે પણ એક દિવસ ત્યાં જ સૂવાનું છે એમ સમજીને તમારી જિંદગી વિતાડતા નથી. તમે હંમેશાં બીજાનો દોષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવા તૈયાર રહો છો, પરંતુ તમારી પોતાની બાબીઓ તરફ બિલકુલ ધ્યાન આપતા નથી, તો પછી તમે જ કહો, ખુદા તમારી અરજ સાંભળે ખરો?"

૧૮

એક વાર એક માણસે શ્રી રમણ મહર્ષિને પૂછ્યું : "ભગવાન, ઇંદ્રિયો ભારે ચંચળ છે. તેમને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરવા છતાંયે હું ફાવતો નથી! માટે કૃપા કરી મને ઇંદ્રિય-સંયમનો ઉપાય બતાવો."

શ્રી રમણ મહર્ષિ બોલ્યા : "બધી ચંચળતા મનને લીધે જ ઊભી થાય છે. માટે જો એક માત્ર મનને સ્વસ્થ અને સ્થિર કરવામાં આવે, તો ઇંદ્રિયો આપોઆપ કાબૂમાં આવી જાય."

પેલા ભાઈ કહે : "પરંતુ ભગવાન, મને ગુસ્સો બહુ આવે છે. અને જેમ જેમ હું ક્રોધને દબાવવા મથું છું, તેમ તેમ તે મને વધારે ને વધારે જકડે છે. એનો શો ઉપાય?"

શ્રી રમણ મહર્ષિ બોલ્યા : "એવું થાય છે, એમ? પરંતુ તમારે બીજાના ઉપર ક્રોધ જ શા માટે કરવો જોઈએ? અને ક્રોધ કરવો જ હોય તો તમારા ક્રોધ સામે જ ક્રોધ કેમ કરતા નથી? જ્યારે પણ તમને ક્રોધ આવે ત્યારે તમે એની ઉપર જ સામો ક્રોધ કરશો, તો તમારો ક્રોધ જરૂર પલાયન કરી જશે; પછી તે ટકી શકશે જ નહીં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

એક વાર મહાત્મા અબુ હસન ખર્કાનીને એક માણસે કહ્યું: "આપ મને લોકોને ખુદા તરફ લઈ જવા માટે પરવાનગી આપો."

મહાત્મા બોલ્યા: "ભલે; તું લોકોને ખુદા તરફ દોરી જજે, પણ તારી તરફ તેઓને દોરતો નહીં."

પેલા માણસે પૂછ્યું: "બાબા, એવું તે શી રીતે બને? લોકોને કોઈ પોતાની તરફ દોરે ખરો?"

મહાત્મા અબુ હસન ખર્કાની બોલ્યા: "હા, ઘણા એમ જ કરે છે. લોકોને ખુદા તરફ દોરવાને બદલે ઘણા-ખરા ધર્મગુરુઓ તેઓને પોતાની તરફ જ હંમેશાં દોરતા હોય છે!"

૨૦

એક વાર એક શ્રીમંત માણસે ઈસુ ખ્રિસ્તને જમવાનું નોતરું આપ્યું. ઈસુ તેને ત્યાં જમવા ગયા.

બધા જમતા હતા, તે વખતે બરાબ રસ્તે વળેલી એક બાઈ ત્યાં આવી. તેણે ભગવાન ઈસુનાં ચરણને આંસુ વડે ધોયાં, પોતાના માથાના વાળથી તે લૂછી નાખ્યાં અને પછી ચરણને તથા કપાળને સુગંધી પદાર્થનો લેપ કર્યો.

આ બધું જોઈને યજમાનને થયું: 'ઈસુ ખ્રિસ્ત સાચા પેગંબર નથી. નહીં તો આ બાઈના બરાબ ધંધાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
એમને બળર પડી ગઈ હોત અને તે એમને સ્પર્શ કરવા પણ ન દેત.'

ભગવાન ઈસુ ખ્રિસ્તને યજમાનના મનની ગડમથલ સમજાઈ ગઈ. તે બોલ્યા : "ભાઈ, ધારો કે એક માણસના બે દેવાદાર છે. એકની પાસે પાંચસોનું લેણું નીકળે છે અને બીજાની પાસે માત્ર પચાસ રૂપિયાનું. બંને દેવાદાર પાસે કશું જ રહ્યું નથી એમ જાણીને તેનો લેણદાર એ બંનેનાં દેવાં માફ કરે છે. તો હવે તું જ કહે કે, કયો દેવાદાર એના તરફ વધારે અહેસાનમંદ થશે?"

યજમાને કહ્યું : "પાંચસોનો દેવાદાર."

ભગવાન ઈસુ બોલ્યા : "બરોબર. હવે આ બાઈને જો. હું તારે ઘેર જમવા આવ્યો, પણ તેં મને પગ ધોવા પાણી સુધ્ધાં આપ્યું નહીં. પરંતુ આ બાઈએ મારા પગને પોતાનાં આંસુ વડે ધોયા અને પોતાના વાળથી લૂછ્યા. તું મને પગે પણ પડ્યો નથી, ત્યારે આ બાઈ તો જ્યારથી આવી છે ત્યારથી મારા પગ પણ છોડતી નથી. તેં મારા કપાળને સુગંધિત દ્રવ્ય પણ લગાડ્યું નહીં, ત્યારે આ બાઈએ મારા પગ તથા કપાળ પર સુગંધી દ્રવ્યનો લેપ કર્યો. માટે હું કહું છું કે એનાં પાપ ઘણાં છે, છતાં એનાં બધાં પાપ ધોવાઈ ગયાં છે. કારણ કે એનો પ્રેમ મારા પર વધારે છે. જેનાં પાપ ઓછાં ધોવાયાં છે, તેનો પ્રેમ પણ ઓછો છે."

પછી ઈસુ ખ્રિસ્તે પેલી બાઈને કહ્યું : "જા બહેન, તારાં બધાં પાપ ધોવાઈ ગયાં છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

એક વાર મહાત્મા સરી સકતી ધૈર્ય વિષે ઉપદેશ આપી રહ્યા હતા. એવામાં એક વીંછી તેમના શરીર ઉપર ચડ્યો અને તે વારંવાર સરી સકતી સાહેબને ડંખ મારવા લાગ્યો.

આ જોઈને શિષ્ય મંડળમાંથી કેટલાકે પૂછ્યું : "ગુરુજી, આપને આ વીંછી આટલા બધા ડંખ મારે છે, તોપણ આપ કેમ એને ખંખેરીને દૂર કરતા નથી?"

મહાત્મા સરી સકતી બોલ્યા : "ભાઈઓ, જ્યારે હું ધૈર્ય વિષે ઉપદેશ આપી રહ્યો છું, ત્યારે હું પોતે જ ધૈર્ય ન બતાવી શકું, તો એ મારે માટે કેટલું શરમ-જનક કહેવાય?"

૨૨

બંગાળમાં હરિવ્યાસજી નામે એક સંતપુરુષ થઈ ગયા. તે નિમ્બાર્ક સંપ્રદાયના પરમ ભક્ત તરીકે જાણીતા છે.

એક દિવસ હરિવ્યાસજીએ કેટલાક ભક્તોને પોતાને ત્યાં ભોજન માટે નિમંત્રણ આપ્યું હતું. હરિવ્યાસજીનાં ધર્મપત્ની દૂધ પીરસતાં હતાં. પીરસતાં પીરસતાં હરિવ્યાસજીના વાડકામાં દૂધની મલાઈ વધારે પ્રમાણમાં પડી ગઈ.

હરિવ્યાસજીનું ધ્યાન એ તરફ તરત જ ગયું. તેમને થયું કે, તેમનાં પત્ની પતિભાવને લઈને આવો પક્ષપાત કરે છે. આથી તેમણે તેમનાં પત્નીને પીરસવાનું કામ છોડી દઈને ચાલ્યા જવાનું કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનાં પત્નીને પોતાની ભૂલ સમજાઈ અને તે તેમની માફી માગવા લાગ્યાં. પરંતુ હરિવ્યાસજી મક્કમ જ રહ્યા. પત્નીએ પોતાની ભૂલના પ્રાયશ્ચિત્ત રૂપે ત્રણ દિવસ ઉપવાસ કર્યા, તોયે હરિવ્યાસજીને એટલાથી સંતોષ ન થયો.

છેવટે બધા ભક્તો હરિવ્યાસજીને સમજાવવા લાગ્યા, ત્યારે હરિવ્યાસજી કંઈક નરમ પડ્યા. તેમણે તેમનાં પત્નીને કહ્યું : "આવો પક્ષપાત ફરી તું ન કરે એના બદલામાં તારાં જે કંઈ ઘરેણાં છે તે વેચીને બધા ભક્તોને પ્રેમથી જમાડ."

પત્નીએ જ્યારે એ પ્રમાણે કર્યું, ત્યારે જ હરિવ્યાસજીને સંતોષ થયો.

૨૩

મહાત્મા ઇમામ મહમદ હમ્બલને કોઈએ પૂછ્યું : "બાબા, અમને વૈરાગ્ય વિષે સમજાવો."

મહાત્મા ઇમામ મહમદ હમ્બલ બોલ્યા : "વૈરાગ્યના ત્રણ પ્રકાર છે :—

"૧. અપવિત્ર વસ્તુઓનો ત્યાગ કરવો એ સાધારણ વૈરાગ્ય કહેવાય.

"૨. જરૂરિયાત કરતાં વધારે મળેલી પવિત્ર વસ્તુઓનો પણ ત્યાગ કરવો એ વિશેષ વૈરાગ્ય કહેવાય. પરંતુ,

"૩. અલ્લાથી દૂર કરનારી વસ્તુઓનો ત્યાગ કરવો એ સાધુજનોનો વૈરાગ્ય કહેવાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪

એક વાર સ્વામી વિવેકાનંદને શ્રીરામકૃષ્ણ પરમહંસે પંચવટીમાં એકાંત સ્થળે લઈ જઈને કહ્યું : "મારી પાસે આઠ ચમત્કારિક સિદ્ધિઓ છે. મેં ઘણા વખતથી એ સિદ્ધિઓનો ઉપયોગ ન કરવાનું નક્કી કર્યું છે. વળી એ સિદ્ધિઓનો ઉપયોગ કરવાની જરૂર પણ મને જણાતી નથી. પરંતુ આ સિદ્ધિઓ તને ધર્મનો ઉપદેશ આપવાના તેમ જ બીજાં કામોમાં મદદરૂપ થશે. માટે તને એ સિદ્ધિઓ શીખવવા માટે હું અહીં લઈ આવ્યો છું."

આ સાંભળીને સ્વામી વિવેકાનંદે પૂછ્યું : "ગુરુજી, આ બધી સિદ્ધિઓ ઈશ્વરની ઝાંખી કરવામાં મદદરૂપ થાય એવી છે કે?"

શ્રીરામકૃષ્ણ પરમહંસે એનો નકારમાં જવાબ આપ્યો.

એટલે સ્વામી વિવેકાનંદ મક્કમતાથી બોલ્યા : "ત્યારે ગુરુજી, મારે એવી સિદ્ધિઓ ન જોઈએ!"

સ્વામી વિવેકાનંદની ઈશ્વરદર્શન માટેની આવી ઉચ્ચ ઝંખના જોઈને શ્રીરામકૃષ્ણ પરમહંસ મનમાં પ્રસન્ન થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

એક વાર એક માણસે આવીને તપસ્વી અબુ અબદુલ્લા જુન્ના સાહેબને કહ્યું : "સાહેબ, મને ત્યાગભાવના વિષે ઉપદેશ આપો."

એ સાંભળીને અબુ અબદુલ્લા તરત જ બહાર ચાલ્યા ગયા. આજુબાજુ બેઠેલા લોકોને આ જોઈને ખૂબ નવાઈ લાગી. પેલો માણસ પણ ભોંઠો પડીને ત્યાંથી જતો રહ્યો.

થોડી વાર પછી અબુ અબદુલ્લા પાછા આવ્યા. એટલે એક જણે તેમને પૂછ્યું : "એક ભાઈ ત્યાગભાવના વિષે ઉપદેશ સાંભળવા આપની પાસે આવ્યા, ત્યારે આપ કશો ઉપદેશ આપ્યા વિના બહાર કેમ ચાલ્યા ગયા? એ બિચારાને કેટલું બોટું લાગ્યું હશે?"

અબુ અબદુલ્લા સાહેબ બોલ્યા : "ભાઈઓ, તે વખતે મારી પાસે ચોવીસ રતીભાર જેટલું રૂપું હતું. એટલો સંગ્રહ મારી પાસે હોય અને ત્યાગ વિષે કોઈને ઉપદેશ આપવા બેસું, એ મને બહુ શરમભરેલું લાગ્યું. એટલે હું બહાર જઈને મારી પાસે રહેલા એ રૂપાનું દાન કરી આવ્યો. હવે હું ખુશીથી ત્યાગભાવના વિષે કહી શકું એમ છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬

એક વાર એક માણસ સ્વામી રામતીર્થ પાસે આવીને કહેવા લાગ્યો : "સ્વામીજી, કૃપા કરીને આપ બરોબર જોશો, તો આપને જણાશે કે અમારા ધર્મના અનુયાયીઓ આખી દુનિયામાં સૌથી વધારે છે. એ ઉપરથી સહેજે સાબિત થાય છે કે અમારો ધર્મ દુનિયામાં સૌથી શ્રેષ્ઠ છે."

સ્વામી રામતીર્થ બોલ્યા : "ભાઈ, તમે જ જરા બરાબર તપાસ કરીને કહો તો સારું. વારુ, તમે સેતાનમાં માનો છો ખરા?"

પેલા માણસે કહ્યું : "હા જી."

સ્વામી રામતીર્થ બોલ્યા : "ઠીક, ત્યારે દુનિયામાં તમારા ધર્મને માનનારાઓની સંખ્યા મોટામાં મોટી છે કે સેતાનને? ભાઈ, માત્ર સંખ્યા ઉપરથી જ સત્યનો નિર્ણય થતો હોય, તો દુનિયાના બધા ધર્મો કરતાં સેતાનની જ શ્રેષ્ઠતા સાબિત થાય!"

૨૭

એક વાર સંત અબુ હનીફા પોતાના શિષ્યોને નમ્રતા વિષે ઉપદેશ આપતા હતા. એવામાં વિરોધી પક્ષના એક માણસે આવીને એમને તમાચો માર્યો!

સંત અબુ હનીફા શાંતિ જાળવીને બોલ્યા : "ભાઈ, હું વેર લેવા ઇચ્છતો હોત, તો તને તમાચાના બદલામાં સામો તમાચો મારત; જો હું વિશ્વાસઘાતી થવા ઇચ્છત, તો તને ખલીફ આગળ ખડો કરત. પરંતુ હું તો એ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ઇચ્છું છું કે, કયામતને દિવસે ખુદા મને તારી સાથે સ્વર્ગમાં દાખલ કરે.”

૨૮

શ્રી શારદામા એ શ્રી રામકૃષ્ણ પરમહંસનાં ધર્મપત્ની થાય. શારદામાની છેલ્લી માંદગી વેળાએ એક સ્ત્રી-ભક્ત રડતાં રડતાં માને કહેવા લાગ્યાં: “મા, મા, અમારું બધાંનું હવે શું થશે?”

શારદામા ધીમે અવાજે બોલ્યાં: “શાનો ભય બેટા?”

થોડી વાર મૌન રહી પછી મા પાછાં બોલ્યાં: “ત્યારે હવે બધાંને કહેતી જાઉં: જો શાંતિ ચાહતાં હો તો, બેટા, કોઈના દોષ જુઓ નહીં. દોષ જોવા હોય તો પોતાના જુઓ. જગતને પોતાનું કરતાં શીખો; કોઈ પારકું નથી, બાબા. જગત તમારું જ છે.”

૨૯

એક વાર મુસ્લિમ ધર્માત્મા મારૂક ગોરખી વગડામાં બેઠા બેઠા રોટી ખાતા હતા. એવામાં ત્યાં એક રખડતો કૂતરો આવી ચડ્યો અને તેમને રોટી ખાતા જોઈને તેમની પાસે જઈને ઊભો રહ્યો. એટલે મારૂક સાહેબ તે કૂતરાને પણ બટકું બટકું ખવડાવવા લાગ્યા. એક બટકું રોટી પોતે ખાય અને એક બટકું કૂતરાને ખવડાવે.

એવામાં તેમના વયોવૃદ્ધ મામા ત્યાં આવી પહોંચ્યા. મારૂકને આ રીતે કૂતરાને પોતાની પાસે બેસાડીને ખવડાવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈને તે બોલ્યા : "અરે મારૂક, આ તું શું કરે છે? કૂતરા જેવા હલકા જાનવરને પાસે બેસાડી ખવડાવતાં તને શરમ નથી આવતી?"

ધર્માત્મા મારૂક બોલ્યા : "કોઈ ભૂખ્યું પ્રાણી આવીને પાસે ઊભું રહે અને હું એકલો એકલો મારું પેટ ભર્યા કરું, એ વાતની મને શરમ લાગી! એટલે તો હું એને પાસે બેસાડી પ્યારથી ખવડાવું છું."

૩૦

મહારાષ્ટ્રમાં સંત એકનાથ થઈ ગયા. એક દિવસે એક માણસે તેમને ગુસ્સે કરવાનો વિચાર કર્યો.

સંત એકનાથ રોજ મંદિરે ભગવાનની પૂજા કરવા જતા. જ્યારે તે પૂજામાં તલ્લીન બની ગયા હતા, ત્યારે પેલો માણસ આવીને તેમના ખભા ઉપર ચડી બેઠો!

એકનાથ તો જરા પણ ગુસ્સે થયા નહીં; અને મધુર સ્વરે બોલ્યા : "આવ, ભાઈ, આવ. મને મળવા ઘણા લોકો આવે છે. પરંતુ તારા જેટલો પ્રેમ કોઈએ દાખવ્યો નથી. તું ભલે આવ્યો."

પેલો માણસ બાપડો શું બોલે? તે તો શરમનો માર્યો અડધો થઈ ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧

મુસ્લિમ મહાત્મા હમદુન કસ્સાર નેશાપુરી મોટા તપસ્વી હતા. તેમની ખ્યાતિ બધે ફેલાયેલી હતી. પરંતુ તે તો નમ્ર ભાવે ખુદાની બંદગી કરી પોતાનું કર્તવ્ય બજાવતા હતા.

એક વાર શહેરના કેટલાક આગેવાન માણસો તેમની પાસે આવ્યા અને અરજ કરતા બોલ્યા : "બાબા, આપ સભામાં આવી લોકોને ઉપદેશ આપવાનું રાખો તો એથી ઘણાને લાભ મળશે."

મહાત્મા હમદુન બોલ્યા : "ભાઈઓ, ઉપદેશ આપવાની મારામાં હજી લાયકાત નથી! કારણ કે હજુ હું સંસારનાં માન-અકરામ તથા લોકપ્રતિષ્ઠાના મોહમાંથી મુક્ત થયો નથી. તેથી મારો કેટલોય સારો ઉપદેશ હશે તોયે તે લોકોના દિલમાં ઊતરશે નહીં. જે ઉપદેશ-વચનો દિલમાં ઊંડાં ઊતરે નહીં અને માણસના જીવનમાં પરિવર્તન ન કરે, તેવાં વચનો બોલવાં એ તો જ્ઞાનનો ઉપહાસ કરવા જેવું તેમ જ ધર્મને હાનિ પહોંચાડવા જેવું છે. વળી મૌન રાખીને ધર્મકાર્ય કર્યા જવું એના જેવું લાભકારક બીજું કશું નથી. જે બરોબરો ધર્મપરાયણ હોય તેનો જ ઉપદેશ સાંભળનારાને લાભકારી બને છે. જે માણસ જ્યાં સુધી પોતે જ ધર્માચરણ કરવા મથતો હોય અને તે પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજી પોતાનું ચારિત્ર્ય સુધારી શકયો ન હોય, ત્યાં સુધી તેણે ધર્મની બાબતો પોતાના મનમાં જ ઠસાવ્યા કરીને તેના જરા પણ ઉપદેશક ન બનવું, એ જ બોલનાર તથા સાંભળનાર એ બંને માટે ફાયદાકારક છે. આવી સ્થિતિ મારી છે! તો પછી સભામાં આવીને મારે શું કહેવું એ જ મને સમજાતું નથી."

૩૨

કોઈ ભક્તે એક વાર મા આનંદમયીને પૂછ્યું : "મા, ગુસ્સો આવે તો અમારે શું કરવું?"

મા આનંદમયી બોલ્યાં : "ગુસ્સો, લોભ, કામ, મોહ આ બધાં વિઘ્નો છે. આ માટે સંસાર છોડવાની જરૂર નથી. તમે જે અવસ્થામાં રહો છો ત્યાં જ રહીને પોતાને સુધારવાનો પ્રયત્ન કરો. પોતાનો દોષ જો ઓળખી શકશો, તો તમે જરૂર સુધરશો જ. બીજાની નિંદા કરવા જશો, તો તેનો દોષ તમારામાં આવી જશે. કોઈને દોષ દેવો એ જ મોટો દોષ છે. બાગમાં તમે જાઓ તો સુંદર સુંદર ફૂલો જ લો; કાંટા તરફ શા માટે નજર રાખો છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત અબુ હાફેજ બોરાસાની જ્યાં રહેતા હતા એ ગામમાં એક વાર ધાર્મિક તહેવારોના દિવસોમાં ધર્મ વિષે વ્યાખ્યાનો થતાં હતાં. તે વખત દરમિયાન એક ભાઈ આવીને અબુ હાફેજ સાહેબને કહેવા લાગ્યા : "બાબા, આજકાલ આપણા ગામમાં ધર્મ અંગે વ્યાખ્યાનો ગોઠવાય છે. મોટા મોટા મોલવીઓ આવીને ધર્મોપદેશ કરે છે. વળી કુરાને શરીફમાંથી પણ કેટલાક ફકરાઓ લઈને તેમના ઉપર પ્રવચન આપવામાં આવે છે. અહીં ઘરમાં એકાંતમાં બેસી રહેવા કરતાં આપ ત્યાં આવશો, તો આપને ખૂબ લાભ થશે."

એ સાંભળી અબુ હાફેજ સાહેબ ધીમે અવાજે બોલ્યા : "ભાઈ, તમારી વાત સાચી છે. પણ છેલ્લાં ત્રીસ વરસથી મને એક તીવ્ર ઇચ્છા રહી છે કે, પવિત્ર ધર્મગ્રંથના એક વચનને મારા આચરણમાં મૂકું તો કેવું સારું! પરંતુ દુઃખની વાત એ છે કે, હજી હું એ પ્રમાણે મારા જીવનને ઘડી શકયો નથી. આથી હું ખૂબ શરમાઉં છું અને જાહેરમાં આવાં ધર્મ-પ્રવચનો સાંભળવા જતાં લાજી મરું છું. જ્યારે હું મનથી દૃઢ રીતે વિચારેલા એક વચનને જીવનમાં ઉતારી શકતો નથી, ત્યારે આવા મોટા મોલવીનાં કેટલાંય સારાં વચનોને હું શી રીતે આચરી શકીશ?"

પેલા ભાઈ કહે : "બાબા, એવું તે કયું ધર્મ-વચન છે જે આપ હજી આચરી શકતા નથી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબુ હાફેજ સાહેબ ભીની આંખે બોલ્યા : "'જે વસ્તુ આત્માને અપવિત્ર કરે છે તે વસ્તુનો જે માણસ ત્યાગ કરે એ જ સાધુ પુરુષ છે.' આ વચનને હજી હું જીવનમાં ઉતારી શકયો નથી!"

૩૪

અમદાવાદથી થોડે દૂર આવેલા લાંઘણોજ ગામમાં બે સત્સંગી બાઈઓ રહેતી હતી. એક ભાવસાર સોનબાઈ ગરીબ હતી અને બીજી નાગર બ્રાહ્મણ ગંગામા શ્રીમંત હતી.

એક વાર સોનબાઈએ શ્રી સહજાનંદ સ્વામીને એમના શિષ્યો સાથે જમવા નોતર્યા. આ વાતની ગંગામાને ખબર પડતાં તે સોનબાઈને ત્યાં જઈને કહેવા લાગી : "તારાં દાળ ચોખા હલકાં છે. માટે તું શિષ્યો માટે રસોઈ કર અને હું સ્વામીનારાયણ માટે રસોઈ કરીને મોકલીશ."

આ સાંભળીને બીચારી ગરીબ સોનબાઈના મનમાં ઓછું આવ્યું કે, એનું અનાજ સ્વામીનારાયણ મહારાજના ઉપયોગમાં ન આવ્યું!

સ્વામીનારાયણને આ બાબતની કશી ખબર ન હતી. તેઓ તો જમવાનો વખત થયો; એટલે સોનબાઈને ઘેર ગયા. બાઈનું મોં ઊતરેલું જોઈને મહારાજે એનું કારણ પૂછ્યું. સોનબાઈ રડી પડી અને તેણે બધી વાત શ્રી સહજાનંદ સ્વામીને કહી સંભળાવી.

સ્વામીનારાયણે એ સાંભળીને કહ્યું : "તમારી રસોઈ તૈયાર થઈ હોય તો લાવો. અમે તમારું જ અન્ન જમીશું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સોનબાઈ એ તરત જ પાટલો નાખ્યો અને મહારાજને જમવા બેસાડ્યા.

એટલામાં ગંગામા થાળ પીરસી એક માણસ પાસે ઊંચકાવીને લાવ્યાં!

સ્વામીનારાયણે થાળ લાવનાર માણસને કહ્યું: "હું તો જમ્યો. એ થાળ તમે અને ગંગામા જમી લો."

૩૫

એક વાર મહાત્મા ફજલની સાથે સુફિયાને આખી રાત ધર્મચર્ચામાં પસાર કરી. બીજે દિવસે મહાત્મા ફજલની વિદાય લેતાં સુફિયાન બોલ્યા: "ગઈ રાત આપણે ઘણી સારી રીતે પસાર કરી. કેટલો આનંદદાયક સત્સંગ થયો!"

એ સાંભળી મહાત્મા ફજલ બોલ્યા: "ના, ભાઈ, ના. આપણી આખી રાત નકામી જ ગઈ!"

સુફિયાન જરા નવાઈ પામી પૂછવા લાગ્યા: "અરે, એવું તે કંઈ બને? આપ આ શું કહો છો?"

મહાત્મા ફજલ ધીરે અવાજે બોલ્યા: "આખી રાત તમે વાણી-વિલાસથી મને સંતુષ્ટ કરવામાં અને મેં પણ તમારા સવાલોના સારામાં સારા જવાબ આપવામાં પસાર કરી. આમ કરવામાં આપણે ખુદાને ભૂલી જ ગયા હતા! એકબીજાને પ્રસન્ન કરનારા સત્સંગ કરતાં પણ વધારે કલ્યાણકારી તો ખુદાની બંદગી કરવી એ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬

દક્ષિણ ભારતમાં સ્વામી વાદિરાજજી નામે મહાન સંત થઈ ગયા. તેમને ઘણા શિષ્યો હતા. પરંતુ સ્વામીજી તેમના અંત્યજ શિષ્ય કનકદાસજી પર અત્યંત સ્નેહ રાખતા હતા. ઉચ્ચ વર્ણના શિષ્યોને આ વાત ખૂબ ખટકતી હતી. ગુરુજી આ અસ્પૃશ્ય કનકદાસ પર આટલો બધો ભાવ શા માટે બતાવતા હતા, એનું કારણ આ શિષ્યોને સમજાતું ન હતું.

સ્વામીજીને આ વાતની જાણ થઈ ગઈ. એટલે કનકદાસજીના ભક્તપણાની શિષ્યોને ખાતરી કરાવવા તેમણે એક દિવસ પોતાના બધા શિષ્યોને બોલાવ્યા અને દરેકને એક એક કેળું આપીને કહ્યું : "આજે અગિયારશ છે. લોકોના દેખતાં ફળ ખાવાથી પણ આદર્શની બાબતમાં સમાજમાં અશ્રદ્ધા વધે છે. માટે જ્યાં તમને કોઈ જોતું ન હોય એવી જગ્યાએ જઈને તમે કેળું ખાઈ આવો."

થોડી વાર પછી બધા શિષ્યો કેળું ખાઈને પાછા ગુરુજી પાસે આવ્યા. માત્ર કનકદાસજીના જ હાથમાં કેળું જેવું હતું તેવું રહ્યું હતું!

આ જોઈને સ્વામી વાદિરાજજીએ પૂછ્યું : "અલ્યા કનકદાસ, તને કયાંય એકાંત ન મળ્યું?"

કનકદાસજીએ હાથ જોડીને નમ્રતાથી કહ્યું : "ગુરુજી, ભગવાન તો બધે છે; તો પછી કોઈ ન જુએ એવું એકાંત કયાં હોય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કનકદાસજીમાં ભગવાન માટેની આવી આસ્થા જોઈને બધા શિષ્યો મુગ્ધ બની ગયા.

૩૭

એક વાર વૃદ્ધ સંત બાયજીદને એક માણસે પૂછ્યું: "બાબાજાન, આપની ઉંમર કેટલી થઈ?"

બાયજીદે જવાબ આપ્યો: "ચાર વર્ષ."

પેલો માણસ તો આ સાંભળીને વયોવૃદ્ધ સંત ભણી નવાઈ પામી જોઈ જ રહ્યો.

સંત બાયજીદે તેને કહ્યું: "ભાઈ, મારા જીવનનાં સિત્તેર વર્ષ સંસારના પ્રપંચોમાં પસાર થઈ ગયાં! છેલ્લાં ચાર વર્ષથી હું ખુદાની તરફ જ નજર રાખી રહ્યો છું. જિંદગીની જેટલી પળ ખુદાની નજીક પસાર થાય, તેટલો જ જીવનનો સાચો કાળ સમજવો."

૩૮

ચીન દેશના એક મહાપુરુષ અને વિચારક લાઓ-ત્ઝેને ચાંગ ત્સુંગ નામના એક શિષ્યે કહ્યું: "ગુરુજી, આપ નમ્રતા વિષે કંઈક કહો."

લાઓ-ત્ઝે પોતાનું મોં ઉઘાડી જીભ બતાવીને બોલ્યા: "હજી મારી આ જીભ મારા મોમાં સાબૂત છે ને?"

"હા જી."

"તો પછી મારા બધા દાંત પણ સાબૂતસમા છે, ખરું ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના જી; આપના મોંમાં તો એકેય દાંત રહ્યો નથી!"

એટલે લાઓ-ત્ઝે બોલ્યા: "બેટા, જીભ નરમ છે માટે એ હજી ટકી રહી છે, જ્યારે દાંત પોતાના કઠણપણાને લીધે નાશ પામ્યા! હવે તને સમજાયું કે?"

ચાંગ ત્સુંગે હકારમાં માથું હલાવ્યું.

૩૯

એક વાર એક માણસે ધર્માત્મા અબુલ અબ્બાસ સૈયારીને પૂછ્યું: "બાબા, આપ ખુદા પાસે શું માગો છો?"

મહાત્મા અબુલ અબ્બાસ સૈયારી નમ્રભાવે બોલ્યા: "ભાઈ, મારા જેવો ભિખારી બીજું શું માગે? તે તો માત્ર એટલું જ કહી શકે કે, હે ખુદા! તમારી મરજી પડે તે મને આપો!"

૪૦

દાદુ દયાળ એક મોટા સંત થઈ ગયા. એક દિવસે તે પોતાની ઝૂંપડીમાં કોસનું ચામડું સીવી રહ્યા હતા. એવામાં એક સાધુ પુરુષ વરસાદથી બચવા તેમની ઝૂંપડી બહાર છાપરી નીચે આવીને ઊભા રહ્યા. તેમને જોઈને દાદુ ઝૂંપડી બહાર આવ્યા અને બોલ્યા: "બહાર શા માટે ભીંજાઓ છો? અંદર આવોને! મારા જેવા માણસના ઘરમાં આવવાનો તમને વાંધો તો નથી ને?"

સાધુ પુરુષ બોલ્યા: "અમે તો ભગવાનના દાસ છીએ. અમારે મન બધાં માણસો સરખાં છે. એક ઊંચું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
અને બીજું નીચું, એવું અમે માનતા નથી.” એમ કહી તે સાધુ પુરુષ અંદર આવીને બેઠા.

થોડી વાર પછી દાદુએ તેમના તરફ જોયું તો તેમની આંખમાં આંસુ હતાં! દાદુને થયું કે, ‘મેં તેમને બેસવા ચામડું આપ્યું, એટલે તેમને દુઃખ થયું હશે?’ એટલે દાદુ હાથ જોડીને બોલ્યા: “બાબા, મેં જાણી જોઈને તમને અભડાવવા ખાતર આ ચામડું પાથર્યું નથી. હું ગરીબ માણસ છું! મારા ઘરમાં બેસવા માટે બીજું શું હોય?”

એ સાંભળીને સાધુ પુરુષે કહ્યું: “ભાઈ, તેં મને બેસવા માટે ચામડું આપ્યું, તેથી મને દુઃખ થયું નથી. પણ તે જોઈ મને એક વાત યાદ આવી. તેં મને બહાર ઊભેલો જોયો કે તરત અંદર બોલાવ્યો અને બેસવા આસન આપ્યું. પરંતુ મારો પ્રભુ કેટલાય જન્મોથી મારા હૃદયને બારણે આવીને ઊભો છે, પણ હું તેને અંદર બોલાવતો નથી તથા બેસાડતો નથી! તે વાત યાદ આવવાથી મને આંસુ આવ્યાં છે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧

એક વાર એક માણસે મહાત્મા હબીબ આજમીને પૂછ્યું : "બાબા, સંતોષ શી રીતે મળે?"

મહાત્મા હબીબ આજમી બોલ્યા : "હૃદયને સરળ અને પવિત્ર કરવાથી જ સંતોષ મળે છે. જે હૃદયમાં અસરળતાની ગંધ પણ રહેતી નથી, તે જ હૃદય સંતોષનો લાભ પામી શકે છે."

૪૨

સ્વામી દયાનંદજી સરસ્વતી અમૃતસરમાં હતા, ત્યારે એક દિવસ એક ગરીબ માણસે આવીને સ્વામીજીને પૂછ્યું : "સ્વામીજી, પૈસાદાર લોકો પુણ્યદાન કરીને ધર્મશાળા વગેરે બંધાવે છે અને બીજાં ધર્મકાર્યો પણ કરે છે. પરંતુ સ્વામીજી, અમારા જેવા ગરીબ માણસ માટે ઉપાય શો? અમારી પાસે પૈસા નહીં હોય, એટલે આવું પુણ્યનું કામ અમારાથી થતું નથી!"

આ સાંભળીને સ્વામી દયાનંદજી સરસ્વતી બોલ્યા : "તમે પણ નીતિમાન અને ધર્માત્મા થઈ શકો છો. આ સંસારમાં જ્યાં એક માણસ દાન આપીને અને પરોપકાર કરીને પાર ઊતરી શકે છે ત્યાં બીજો માણસ બૂરાઈ ન કરીને, પરનિંદા કરવાનું છોડી દઈને ધર્મનું આચરણ કરી શકે છે. પાપ ન આચરવું એ સંસારની ભલાઈ કરવા બરોબર જ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત ફ્રાન્સિસ એક દિવસે ઘોડા પર બેસીને જતા હતા. રસ્તામાં તેમણે એક રગતપીતિયાને જોયો. એને જોઈને સંત ફ્રાન્સિસનું મન જરા ડગ્યું. ભય પામીને તેમણે પોતાના ઘોડાને એક બાજુએ ફેરવી દીધો.

તે જરા આગળ ગયા ત્યાં તો તેમનું કરુણામય હૃદય અંદરથી દ્રવી ઊઠ્યું. તે મનમાં કહેવા લાગ્યા : "અરે, બહાદુરીથી યુદ્ધમાં જનાર, ગમે તેવી આફતોને પણ ન ગણકારનાર તું એક પીડાતા રોગીને આશ્વાસન આપવાને બદલે, એની સેવા કરવાને બદલે આમ દૂર ભાગે છે? એક વાર તને ભગવાન ઈશુનો સંદેશો મળ્યો હતો એ તું શું વીસરી ગયો? — 'બધું ત્યાગીને મારી પાછળ પાછળ તું આવ.' તો પછી તું દેહના જતન ખાતર આમ દૂર શું કામ ભાગે છે? ભગવાન ઈશુએ કહ્યું છે : 'જે બીજાને ખાતર જીવતર સોંઘાં કરશે તે અરું જીવન પામશે અને જે જીવનના જતન ખાતર મથશે તે જીવન ખોશે.' એ સંદેશ શું તું ભૂલી ગયો?"

સંત ફ્રાન્સિસે તરત જ પોતાનો ઘોડો પાછો ફેરવ્યો. પેલા બાપડા રગતપીતિયાની પાસે તે ગયા અને ઘોડા પરથી નીચે કૂદી પડીને તેને પ્રેમથી ભેટ્યા; તેના ખોળામાં તેમણે પોતાનું ગજવું ખાલી કર્યું અને તેનો હાથ પોતાના હાથમાં લઈને ખૂબ પ્રેમભાવથી ચૂમ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪

આચાર્ય હેમચંદ્ર જૈન ધર્મમાં બહુ મોટા વિદ્વાન થઈ ગયા.

એક વાર આચાર્યશ્રી સાંભર નામના ગામે પધાર્યા હતા. તે વખતે તેમના એક ભક્તે પોતાની સ્ત્રીએ કાંતેલા જાડા સૂતરમાંથી વણાવેલું કોરું પાણકોરું આચાર્યજીને ભેટ ધર્યું.

આચાર્ય હેમચંદ્ર ગુજરાતના રાજા કુમારપાળના ગુરુ હતા. આચાર્યજી જ્યારે પાછા પાટણ આવ્યા, ત્યારે કુમારપાળ તેમ જ બીજા રાજાઓ તેમનું સ્વાગત કરવા સામા આવ્યા. પરંતુ આચાર્યશ્રીને બડબચડી જાડી ખાદી ધારણ કરેલા જોઈને કુમારપાળે કહ્યું: "ગુરુજી, આપ મારા ગુરુ છો. આપ આવું જાડું કપડું ધારણ કરો એ તો મારે માટે લાજ મરવા જેવું છે!"

આચાર્ય હેમચંદ્ર બોલ્યા: "તારા રાજ્યમાં તારી પ્રજા કંગાળ દશામાં માંડ માંડ પોતાનું પેટ ભરે છે અને અંગ ઢાંકે છે, એનાથી તું નથી લાજ મરતો? અમારા જેવા સાધુને શું? અમારે તો આવાંયે લૂગડાં કયાંથી હોય? અમને તો જૂનાં ફાટેલાંતૂટેલાં વસ્ત્ર પણ ચાલે. બીજા માણસો ઉપર આસક્તિ તો ન જ રાખીએ અને પોતાના દેહની પણ અમે ચિંતા ન કરીએ. ભમરો જેમ એક પણ ફૂલને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કોચ્યા વિના અનેક ફૂલ પાસે ભમી ભમીને પોતાનું પેટ ભરે છે, તેમ અમે પણ ઘેર ઘેર ભિક્ષા માગીને પરોપકારાર્થે દેહ ગાળીએ છીએ."

૪૫

એક વાર તપસ્વી સુફિયાન સુરી બસરી પોતાના એક સાથી સાથે મુસાફરી કરતા હતા. રસ્તે ચાલતાં પેલા સાથીએ જોયું કે સુફિયાન સુરી સાહેબની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી! એ જોઈને તેણે કહ્યું: "બાબા, તમને એવું તે શું યાદ આવી ગયું કે તમે આમ રડો છો?"

એ સાંભળીને સુફિયાન સાહેબે એક તણખલું હાથમાં લઈને કહ્યું: "ભાઈ, હું વિચાર કરતો હતો કે ખુદાની પાસે મારા અપરાધો અગણિત છે. પરંતુ તેની અપાર દયા આગળ એ અપરાધો આ તણખલા જેટલા પણ નથી. આ હું જાણું છું છતાં મારા દિલમાં હજુ ખુદાની બાબતમાં બરેબરો ઇતબાર પેદા થયો નથી! આ વિચારથી મને રડવું આવે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત રંગદાસ નાના હતા, ત્યારની આ વાત છે. એક દિવસે તેમના બાપુજીએ બજારમાંથી તેમને ફળ લાવવા મોકલ્યા.

બજારે જતાં રસ્તામાં તેમણે એક ગરીબ માણસને જોયો. તે ચીંથરેહાલ દશામાં હતો અને બેત્રણ દિવસનો ભૂખ્યો હતો.

બાળક રંગદાસનું હૃદય દયાથી ભરાઈ આવ્યું. તેમણે તરત જ પોતાની પાસે પૈસા હતા એ બધા એ ગરીબ માણસને આપી દીધા. પછી તે ફળ ખરીદ્યા વિના સીધા ઘેર આવ્યા.

પિતાએ રંગદાસને પૂછ્યું : "બેટા, ફળ લીધા વિના કેમ પાછો આવ્યો?"

રંગદાસે કહ્યું : "બાપુ, હું આપણે માટે અમરફળ લઈ આવ્યો છું."

પિતાશ્રીએ નવાઈ પામી પૂછ્યું : "ક્યાં છે? બતાવ જોઉં!"

રંગદાસે જવાબ આપ્યો : "બાપુ, આપણા જેવો કોઈ માણસ રસ્તામાં ચીંથરેહાલ દશામાં ભૂખે ટળવળતો હતો! તેની એવી દશા જોઈને મેં એને બધા પૈસા આપી દીધા. બાપુ, જો હું એ પૈસાનાં ફળ લઈને આવત, તો થોડો વખત જ એની મીઠાશ આપણને ચાખવા મળત, જ્યારે આ કાર્યના ફળની મીઠાશ તો હંમેશને માટે રહેશે, ખરું ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭

મદ્રાસ રાજ્યના તાંજોર જિલ્લામાં આધનૂર નામના ગામમાં નંદ નામના એક મોટા સંત થઈ ગયા. તેમનો જન્મ ચમાર જાતિમાં થયો હતો. અસ્પૃશ્યોને તે વખતે તો મંદિરમાં કોણ પેસવા દે? એ લોકો પોતાનાં જુદાં દેવ-દેવીની પૂજા કરતા અને તેમની આગળ બકરાં, પાડા કે મરઘાં વધેરતા. એવો ભોગ ચડાવવાથી દેવ-દેવી ખુશ થાય છે, એમ તેઓ માનતા.

પરંતુ ભક્તરાજ નંદને આ રિવાજ ગમતો નહીં. તેથી તે એનો સખત વિરોધ કરતા.

એવામાં એક વખત નંદ બીમાર પડ્યા. ઘરડા લોકો એમની પાસે આવીને કહેવા લાગ્યા: "લેતો જા; તું આપણી દેવીને માનતો નથી, તેનું ફળ હવે ભોગવ. તારા બાપ પણ રોગમાં મરી ગયા અને હવે તું પણ મરીશ. માટે સમજીને દેવીની માફી માગ અને બકરો ચડાવ."

ભક્તરાજ નંદે મક્કમતાથી કહ્યું: "ભલે હું રોગમાં મરી જાઉં પણ બકરો મારીને મારે જીવવું નથી. હું તો ભગવાનની માત્ર પ્રાર્થના જ કરીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપસ્વી મલેક દિનાર દમસ્કી ભાડે મકાન લઈને તેમાં રહેતા હતા. એક યહૂદી તેમનો પાડોશી હતો. મલેક દિનારના બારણા પાસે જ તે યહૂદીનું મકાન હતું. એ બારણાની લગોલગ જ એ યહૂદીએ પોતાનું પાયખાનું બનાવ્યું હતું. મલેકના બારણામાં જતાં જ એ પાયખાનાની વાસ આવતી.

પેલો યહૂદી પણ દ્વેષભાવને લીધે દિવસોના દિવસો સુધી પાયખાનું સાફ કરાવતો ન હતો. પરંતુ મલેક દિનારે એ વાતની કોઈ આગળ જરાયે ફરિયાદ કરી ન હતી.

એક દિવસ પેલો યહૂદી મલેક દિનાર પાસે આવી પૂછવા લાગ્યો : "અરે દિનાર, મારા પાયખાનાથી તમને કાંઈ હરકત થતી નથી?"

મલેક દિનાર બોલ્યા : "હા જી, થાય છે; પણ નાક બંધ કરીને અમે જવા-આવવાનું કરીએ છીએ."

યહૂદીએ ફરી પૂછ્યું : "આવો ત્રાસ સહેવા છતાં તમને ગુસ્સો ચડતો નથી?"

મલેક દિનાર શાંતિથી બોલ્યા : "ના જી, જરા પણ નહીં. ખુદાએ અમને હુકમ કર્યો છે કે, મારો જે ભક્ત હોય તેણે કોઈના ઉપર કદી ગુસ્સે થવું નહીં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૯

ગ્રીસ દેશમાં સૉક્રેટીસ નામના એક મહાપુરુષ થઈ ગયા. સૉક્રેટીસ સત્યવક્તા હતા. તેમના બોલવામાં એક શબ્દ પણ નિષ્કારણ વપરાયેા ન હેાય. તે એવું માનતા હતા કે, સત્યનિષ્ઠ માણસે મૌન જાળવવું જોઈએ અને બોલવાનેા પ્રસંગ આવે તેા મિતભાષણમાં — ઓછામાં ઓછા શબ્દો બોલીને પેાતાની વાત કરવી જોઈએ.

એક વાર એક જુવાન એમની પાસે વ્યાખ્યાન આપવાની વિદ્યા શીખવા આવ્યેા. તે જમાનામાં વક્તૃત્વ-કળા રાજનીતિનું એક મહત્ત્વનું અંગ મનાતું.

એ જુવાન ખૂબ બોલકણેા હતેા. તેણે પેાતાની ઓળખાણ આપતાં લાંબી લાંબી વાતેા કરવા માંડી.

એ સાંભળીને સૉક્રેટીસ બોલ્યા : "તારી પાસેથી હું બેવડી ફી લઈશ."

પેલા જુવાને નવાઈ પામીને પૂછ્યું : "સાહેબ, બધા પાસે આપ જે ફી લેા છેા, એના કરતાં બમણી ફી શા માટે આપ મારી પાસે માગેા છેા? જે ભાઈએ મને આપની પાસે મેાકલ્યેા છે તે તેા મને કહેતા હતા કે, આપને પૈસાની બહુ પડી નથી. પછી મારી પાસે બમણી ફી શા માટે માગેા છેા?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાન્ટાસ તેના લાલ કાગડા વિશ્વાસુ સાથીને મનમાં હસતા બોલ્યાં : "એટલા માટે કે, મારે તને બેવડી વિદ્યા શીખવવી પડશે : એક તો મૌન ધારણ કરવાની અને બીજી મુદ્દાસર પ્રવચન કરવાની."

૫૦

મહાન તપસ્વિની રાબિયાને કોઈએ પૂછ્યું : "અમ્મા, તમને ખુદા તાલા ઉપર પ્રેમ છે ખરો ?"

મહાન સાધ્વી રાબિયાએ ઉત્તર આપ્યો : "હા."

પેલી વ્યક્તિએ પૂછ્યું : "તમે સેતાનને ધિક્કારો છો ખરાં ?"

રાબિયા મૈયા શાંત સ્વરે બોલ્યાં : "ખુદા પ્રત્યેના મારા પ્રેમમાંથી સેતાનને ધિક્કારવા જેટલી ફુરસદ જ મને કદી મળતી નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મુકુલભાઈનાં અન્ય પુસ્તકો

બોધક ટીકડીઓ	(સચિત્ર)	૦-૧૨-૦
શીલ અને સદાચાર	(,,)	૦-૬-૦
જાણવા જેવી વાતો	(,,)	૦-૬-૦
મોટાં માણસોનાં મન	(,,)	૦-૬-૦
ભક્તરાજ	(,,)	૧-૦-૦
પ્રતિભાનું પોત	(,,)	૦-૬-૦
માનવજીવનનું ઝવેરાત	(,,)	૦-૬-૦
જીવન અને મરણ	(,,)	૦-૬-૦
ધર્મ-સંસ્થાપકો	(,,)	૦-૬-૦
સંત-સમાગમ	(,,)	૦-૬-૦
શેખ સાદીની બોધકથાઓ	(,,)	૦-૮-૦
પચાસ પ્રેરક પ્રસંગો		૦-૧૦-૦
ચીન દેશનાં કથાનકો		૦-૧૦-૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૧૪ : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar